# અરવલ્લી આર.ટી.ઓ. અને ગાજણ ટોલટેક્સ વચ્ચે પીસાતી પ્રજા

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાને નિર્માણ થયાને દોઢ વર્ષ જેટલો સમય વીતી ગયો હતો છતાં જીલ્લાના પ્રજાજનોની પડતો હોવાથી જીલ્લાના પ્રજાજનોની મુશ્કેલીમાં વધારો થાય છે.

અરવલ્લી જીલ્લાના પ્રજાજનોને નવનિર્માણ જીલ્લા થતાં જવાના માર્ગે વચ્ચે ટોલટેક્સ બુથ આવેલું હોવાથી આર.ટી.ઓ. કચેરીના કામકાજ અર્થે ફરજિયાત ટોલટેક્સ દ્વારા વાહનોના કામકાજ હોવાથી જીલ્લાના પ્રજાજનોને નાહકના દંડવાની સાથે તેમના ખિસ્સા પર માર પડી રહ્યો છે. એકબાજુ શહેરથી ૫ કિ.મી. દૂર હોવાથી વાહન ઈંધણનો વ્યય થવાની સાથે અન્ય વાહન દ્વારા મુસાફરી કરતાં ૩૦ રૂા. થી વધારે ભાડું ભરવાનું થતું હોવાથી જીલ્લાના પ્રજાજનોઓએ આજે પૂર્વરત કરાયો હતો.

આધારભૂત સૂત્રોનાં જણાવ્યા અનુસાર આર.ટી.ઓ. ઓફીસ મોડાસાનો માલસામાન ગાજણ ગામમાં



(તસવીર : જય અમીન, મોડાસા)



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



તાતી જરૂરિયાત એવી જીલ્લા કક્ષાની આર.ટી.ઓ. કચેરીના ઠેકાણા જ પડતા ન હોય તેવો ઘાટ સર્જાયો છે. આર.ટી.ઓ. જીલ્લા અધિકારીઓ અને પ્રજાજનોની સતત માગણી કર્યા પછી રાજય સરકારે જીલ્લા કક્ષાની આર.ટી.ઓ. કચેરી મોડાસા શહેરથી ૫ કિ.મીના અંતરે ગાજણ ગામની સીમમાં આવેલી ખાનગી ફાર્મસી કોલેજના મકાનમાં ફાળવતા જીલ્લાના પ્રજાજનોની મુશ્કેલીમાં વધારો થયો છે. ગાજણ ગામ નજીક આવેલા ટોલટેક્સ બુથ પર ટોલટેક્સ ભરવો જ આનંદ છવાયો હતો પરંતુ રાજય સરકાર જીલ્લાનું નિર્માણ કર્યા પછી જીલ્લા કક્ષાની કચેરીઓનું ઠેકાણું જ પડતું નથી. ત્યારે રાજય સરકાર દ્વારા જીલ્લા કક્ષાની આર.ટી.ઓ. કચેરીની ફાળવણી મોડાસાથી ૫ કિ.મી. આવેલા ગાજણ ગામની સીમમાં એક ખાનગી ફાર્મસીના મકાનમાં ફાળવવામાં આવી છે. ત્યારે મોડાસાથી આર.ટી.ઓ. કચેરીએ અર્થે આવેલી જીલ્લાના પ્રજાજનો જોડેથી ટોલટેક્સ ઉઘરાવવામાં આવતો લઈને કે ખાનગી વાહન દ્વારા જવું પડતું હોવાથી જીલ્લાના પ્રજાજનોના ટોલટેક્સ અધિકારીઓ જોડે ચર્ચા કરતા ચર્ચાએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતા જીલ્લાના પ્રજાજનોએ વાહનો રોડ પર જ થંભાવી દેતાં હાઈવે પર ચક્કાજામ થઈ ગયો હતો. ચક્કાજામના પગલે ટોલટેક્સ અધિકારીઓ અને આર.ટી.ઓ. અધિકારી અને જીલ્લા પોલીસ અધિકારીઓ દોડી આવીને વાટાઘાટો કરી પ્રજાજનોને સમજાવી વાહનવ્યવહાર આવેલ નવીન મકાનમાં ટ્રક દ્વારા ખસેડવામાં આવી રહ્યો હતો. ત્યારે માલસામાન ભરેલા ટ્રકનોપણ ટોલટેક્સ કર્મચારીઓ ટોલટેક્સ લેવાતાં આર.ટી.ઓ. અધિકારીઓ ઉશ્કેરાયા હતા અને ટોલટેક્સ અધિકારીઓ જોડે બોલાચાલી કરતાં મામલો ગરમાયો હતો અને પ્રજાજનો પણ ટોલબુથ દ્વારા ટોલટેક્સ ઉઘરાવાતો હોવાથી નાહકનું દંડાવવું પડતું હોવાથી પ્રજાજનો પણ બોલાચાલીમાં જોડાતાં આખા મામલાએ ઉગ્ર સ્વરુપ ધારણ કર્યાનું જાણવા મળી રહ્યું છે.

## ટોલટેક્ષના મેનેજર ધ્વારા ચોથી જાગીરનો અવાજ દબાવી દેવાનો પ્રયાસ

મોડાસા થી ચાર કીમી એઆરટીઓ કચેરી કર્યરત કરવામાં આવી છે ત્યારે આ જગ્યા પર જતા પહેલા ટવચ્ચે આવતા ટોટેક્ષ ના કર્મચારી ધ્વારા એઆરટીઓ કચેરી ના કર્મચારી જોડે ટોલટેક્ષ માગતા હોબાળો થયો હતો જયારે આ અંગે કવરેજ કરવા ગયેલા ઈલેકટ્રોનીક મીડીયા ના પત્રકારો જોડે ટોલટેક્ષ ના મેનેજર ધ્વારા કેમેરા બંધ કરી દેવાની ધમકી આપી હતી અને જો કવરેજ કરવામાં આવશે કેમેરા તોડી નાખવાની ધમકી આપતા આ સમગ્ર બાબતે ને લઈ ને પત્રકાર આલમ માં ઘેરા પડઘા પડ્યા હતા અને આ ઘટના ને લઈ ને રોષે ભરાયેલા પ્રત્રકારો એ ટોલટેક્ષ ના મેનેજર વીરૂધ્ધ મુખ્યમંત્રી કાર્યાલય અરવલ્લી જીલ્લા કલેકટર અને જીલ્લા પોલીસ વઢા ને આ બાબતે રજુઆત કરી હતી જો આ અંગે તંત્ર ધ્વારા ટોલટેક્ષ ના મેનેજર સામે કાર્યવાહી કરવામાં નહી આવે તો પત્રકારો ધ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી ટોલટેક્ષ મેનેજર ધ્વારા ચોથી જાગીર નો અવાજ દબાવી દેવાનો આ પ્રયાસ ચર્ચાની ચકડોળે ચડયો છે.

## મોટે ઉપાડે દોડી આવેલા એ. આર. ટી.ઓ. પણ પાણીમાં બેસી ગયા

આરટીઓ કચેરી નો સમાન લઈ ને આવતા વાહન નો ટોલટેક્ષ માંગી રહેલા ટોલ કર્મચારીઓ સાથે સંઘર્ષ કરવા દોડી આવેલા એઆરટીઓ એ પ્રથમ તો ટોલનાકા ને માથે લીધુ હતુ પરંતુ એકાએક ટોલ મેનેજર અને પોલીસ સાથે બંધ બારણે બેઠક યોજી ને બહાર આવ્યા બાદ જાણે કે કઈજ ન થયુ હોવાનુ જણાવતા લોકો પણ આશ્ચર્ય માં મુકાઈ ગયા હતા એઆરટીઓ એ એવી તો કઈ બાબતે વાર્તાલાપ કર્યો તેની ચર્ચા એ જોર પકડયુ છે અને શરૂઆત માં મોટા ઉપાડે બબાલ ના મુડ માં દોડી આવેલા એઆરટીઓ કેવાયજાની એકાએક પાણી માં બેસી જતાં લોકો માં અનેક શંકા કુશંકાઓ એ જોર પકડયુ છે.

## આરટીઓ કચેરીમાં કામે આવતા વાહનોને ટોલમાંથી મુકતી મળે તે માટે સરકારમાં રજુઆત કરાઈ છે : એઆરટીઓ

આ હોબાળા બાદ એઆરટીઓ કે. વાય. જાનીને જણાવ્યુ હતુ કે આરટીઓ કચેરીમાં કામે આવતા વાહન ચાલકો ને ટોટેક્ષ ભરવામાંથી મુકતી મળે તે માટે સરકાર માં લેખીત રજુઆત કરવામાં આવી છે જેનો હકારાત્મક પ્રતિસાદ ટુંક સમય માં મળે તેવી શકયતાઓ રેહેલી છે.

## ખેડબ્રહ્મામાં મધમાખીઓ ઉડતા આંગણવાડી કાર્યકર્તાઓમાં નાસભાગ



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા તાલુકાના નવીન બનાવેલ તાલુકા સેવા સદનના દરવાજામાં મધમાખીએ બે મધ પુડા બનાવ્યા છે. સોમવારના રોજ આંગણવાડીની કાર્યકર્તાઓ સેવા સદનમાં આધારકાર્ડની મીટીંગ માટે આવેલ હતી, ત્યારે બપોરના ૩.૩૦ કલાકે મધમાખીઓ ઊડતાં લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. આઠ થી દસ આંગણવાડીની મહિલા કાર્યકર્તાઓની મધમાખી પાછળ પડતા બધી મહિલાઓ એક નજીકની ઓફિસમાં જતી રહી છતાં એક મહિલાને વધુ કરડતા ચક્કર આવતાં તેની નજીકના દવાખાને લઈ જવાની ફરજ પડી હતી તેમજ સીડીપીઓને પણ ભમરા કરડવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. રોજ આવતા લોકોના જણાવ્યા અનુસાર આ મધમાખી રોજ ઉડતી હોય છે જેથી અહીંથી મધમાખીઓને સત્વરે ઉડાડી દેવામાં આવે તેવી લોકોની માગણી છે.

## પ્રાંતિજમાં ચાર દિવસ પહેલા થયેલી ચીલઝડપના આરોપી પકડયા

### બંને આરોપી સગીર વયના હોવાથી હિંમતનગર બાળ રીમાન્ડ હોમમાં મોકલી આપવામાં આવ્યા : એક અમદાવાદથી અને બીજો પ્રાંતિજ પોલીસે પકડી પાડ્યો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં તા. ૩૦-૪-૨૦૧૫ને સોમવાર ના રોજ નિયત સમય પ્રમાણે મંદિરેથી દર્શન કરી પરત ફરી રહેલ મહિલાને બાઈક લઈને આવેલ ઈસમો દ્વારા મહિલાને નીચે પાડી ગળામાંથી બે તોલાનો દોરો તોડી ભાગી ગયા હતા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે રહેતા પ્રજાપતિ અનુબેન ધીરુભાઈ કે જેવો મંદિરથી દર્શન કરી પરત ફરતા હતાં તે સમયે તેમણી પાછળ ફિલ્મી ઢબે આવી તેમનાં ગળામાંથી દોરો ખેંતી તેમણે નીચે પાડી દઈ ભાગી ગયા હતા. જયારે મહિલા એ તરત જ બુમાબુમ કરતાં તે સમયે આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને તેમાંથી બે જણ દ્વારા શંકાસ્પદ ઓળખ પણ થઈ હતી. જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને ફરિયાદી અનુબેન પ્રજાપતિની ફરિયાદના આધારે ફરિયાદમાં બે શંકાસ્પદના આપ્યા હતાં જેમાં પ્રાંતિજ પોલીસે સ્ટેશનના પી.આઈ. ભરતભાઈ પટેલ દ્વારા તથા પો.કો. ભગવાનભાઈ દ્વારા તપાસ હાથધરી હતી જેમાં (૧) આફતાબ યુનુસભાઈ (ઉ.વ.૧૭) રહે, પ્રાંતિજ લવારબારી જેને અમદાવાદથી તથા આરોપી (૨) હિંમત મોહનલાલ મારવાડી રહે પ્રાંતિજ, નાની ભાગોળ, તેણે પ્રાંતિજથી પકડી પાડ્યો હતો અને બંને પુછપરછ દરમિયાન ચોરીની કબુલાત કરી હતી અને અમદાવાદ ખાતે એક વેપારીને ત્યાં દોરો વહેંચવાનું કબુલ્યું હતું. જયારે બંનેને પ્રાંતિજ કોર્ટમાં હાજર કરતાં જજ દ્વારા બંને આરોપીઓને સગીર વયના હોવાથી હિંમતનગર ખાતે આવેલ બાળ રિમાન્ડ ગૃહમાં મોકલી આપવામાં આવ્યાં હતા.

## હાથરોલની સીમમાંથી બે શખ્સો દ્વારા કિશોરીનું અપહરણ

હિંમતનગર, તા.૬

હિંમતનગર તાલુકાના હાથરોલ ગામની સીમમાંથી રવિવારે ખેતમજુરની ૧૩ વર્ષીય દિકરીને લલચાવીફોસલાવી અપહરણ કરી લઈ જવાની ઘટના સંદર્ભે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં મોડી રાત્રે ગુનો નોંધાયો હતો. ભોગ બનનાર મૂળ પંચમહાલ જિલ્લાની કિશોરીના પિતાએ જાતિ પ્રત્યે અપમાનિત કરી અપહરણ કરનાર હિંમતનગર તાલુકાના વજાપુર ગામના અને મોડાસા તાલુકાના મહાદેવપુરા ગામના મળી બે યુવકો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર મૂળ પંચમહાલ જિલ્લાનો ખેતમજુર પરિવાર હાથરોલ ગામના ખેડૂતને ત્યાં ખેતમજુરી કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. દરમિયાન ખેતમજુરી સાથે સંકળાયેલા હિંમતનગર તાલુકાના વજાપુર ગામના હરેશસિંહ બાબુસિંહ સોલંકી અને મોડાસા તાલુકાના મહાદેવપુરા ગામના મુકેશસિંહ જયંતિસિંહ દરબાર સંપર્કમાં આવ્યા હતા. આ બંને શખ્સોએ રવિવારે ખેતમજુરી કરતા પરિવારની કિશોરીને લલચાવીફોસલાવી હુમલો કરી અપહરણ કરી ગયા હતા.

આ અંગે કિશોરીના પિતાને જાણ થતાં તેમણે મોડી રાત્રે ઘટના સંદર્ભમાં ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. જેથી પોલીસે અનુસૂચિત જનજાતિની દિકરીના અપહરણમાં સંડોવાયેલ વજાપુરના હરેશસિંહ સોલંકી અને મહાદેવપુરાના મુકેશસિંહ દરબાર વિરૂધ્ધ ગુનો દર્જ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## પોળોના પ્રવાસે આવેલા અમદાવાદના બે યુવાનો હરણાવ નદીમાં ડૂબ્યા

હિંમતનગર, તા. ૬

વિજયનગર તાલુકાના પોળોના જંગલોમાંથી પસાર થતી હરણાવ નદીમાં રવિવારે સાંજના સુમારે ન્હાવા પડેલા અમદાવાદના બે યુવાનો ડૂબી જતા તંત્ર દ્વારા તેમને શોધવામાટે ઈડર ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. જેમાં મોડી સાંજે બંને યુવાનોને બહાર કાઢી વિજયનગર રેફરલ હોસ્પિટલમાં લઈ જવાયાહતા.

વિજયનગરના મામલતદાર વી.આઈ. -જાપતિએ આપેલી માહિતી મુજબ રવિવારની રજા હોવાને કારણે અમદાવાદનાન્યુ રાણીપ વિસ્તારમાં આવેલ જીમ ગૃપની એક -વાસી બસમાં ૪૫થી વધુ -વાસીઓ વિજયનગર તાલુકાના પોળોના જંગલની સહેલ ગાહે આવ્યા હતા.

દરમિયાન બસમાં આવેલ અક્ષયકુમાર પટેલ (ઉ.વ.૨૩) અને રોનકકુમાર સુથાર (ઉ.વ.૨૧, બંને રહે. ન્યુ રાણીપ અમદાવાદ) નામનાબે યુવાનો પોળો કેમ્પ સાઈટપાસેથી પસાર થતી હરણાવ નદીમાં ન્હાવા પડયા હતા. જયાં બંને યુવાનો અચાનક ઊંડા પાણીમાં ડૂબવા માંડયા હતા. જેથી ઉપસ્થિત લોકોએ બૂમાબૂમ કરી હતી. ત્યારબાદ કેટલાક સ્થાનિક લોકો અક્ષય પટેલની લાશને પાણીમાંથી બહાર કાઢી હતી. ઈડર ફાયર બ્રિગેડને જાણકરાતાએક કલાકની જહેમત બાદ રોનક સુથારની લાશને બહાર કાઢવામાં આવી હતી. ત્યારબાદ બંને મૃતકોને પી. એસ. આઈ. એ. બી. ઠાકોર, વન વિભાગના અધિકારીઓ વિજયનગરની રેફરલ હોસ્પિટલમાં લઈ ગયા હતા.

## લક્ષ્મીપુરાના ખાખરિયા હનુમાનજીનો પ્રથમ પાટોત્સવ



(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

લક્ષ્મીપુરા, તા.૬

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ગામથી અગ્નિ કોણમાં એકાદ કિ.મી. દૂર ભીમનાથ મહાદેવ બિરાજમાન છે. ત્યાંથી ભિમાક્ષી નદીના કિનારે વર્ષોથી ખાખરાંના વૃક્ષો છોડના કારણે આ ખાખરિયા જંગલ તરીકે આ વિસ્તાર ઓળખાતો પણ એક વર્ષ પહેલાં હનુમાન જયંતિએ અહીં ખાખરિયા હનુમાનજી તથા ભૈરવદાદાનું મંદિરનું નિર્માણ કરાયું હતું. આ જગ્યા ૮૦૦ વર્ષ પૌરાણિક છે. ત્યાં સુંદર મંદિર બનતાં આ વિસ્તારમાં જંગલમાં મંગલમય વાતાવરણ ઉભુ થયું છે. અહીં દર વર્ષે હજારો ભાવિકો આ મંદિરે ઉમટી પડે છે. આ વર્ષે હનુમાન જયંતિએ હવન તથા મહાપ્રસાદનું આયોજન કરેલ જેમાં ગામના યુવાનોએ હોંશભેર ધામધૂમપૂર્વક હનુમાન દાદાની જયંતિ ઉજવી હતી.

## તલોદમાં ચૈત્રી પૂનમે ચંદ્રગ્રહણ હોવાથી દેવ-મંદિરો બંધ રખાયા

### હનુમાન જયંતિએ ભક્તિપૂર્વક મારુતિ યજ્ઞ, સુંદરકાંડ અને રામધૂન કરાઇ : શ્રદ્ધાળુઓ ઊમટ્યાં

તલોદ, તા. ૬

તલોદમાં ચૈત્ર સુદ પૂનમ ચંદ્રગ્રહણ હોવાથી સવારે દસ વાગ્યા પછી તમામ દેવમંદિરોના મુખ્ય દ્વાર બંધ રખાતા હા. દર્શાનાર્થે ઊમટેલા ભક્તોનું ઘોડાપુર થોડીક ક્ષણો માટે ઉદાસીન બન્યું હતું પરંતુ આ દિવસે હનુમાન જયંતિ હોવાથી તલોદના રોકડીયા હનુમાન અને સીંબલીયા હનુમાન મંદિરે સુંદરકાંડ, મારુતિ યજ્ઞ અને મહાપ્રસાદ લઈ રામધૂન અને લોકડાયરામાં જોડાઈ ધન્યતા અનુભવી હતી.

તલોદમાં ચંદ્રગ્રહણની વિશેષતા મહંતો અશુભ વર્ણન કરી રહ્યા હતા. દેવ-દેવતાઓ મંદિરોમાં જાગૃત હોવાથી જયારે કેટલાક ખગોળશાસ્ત્રી અને વૈજ્ઞાનિકો ચંદ્રગ્રહણને અલગ-અલગ મંતવ્યોથી પૃથ્વી પરના દબાણને જણાવી રહ્યા છે. મંદિરોના પુજારી, મહંતો અને ટ્રસ્ટીઓ તલોદના ગાયત્રી પ્રજ્ઞાપીઠ, વેરાઈ માતાજી, અંબાજી માતાજી તેમજ નાગણેશ્વરી માતાજી, ઊમિયા ધામ, ઊલાઈ માતાજી અને ખોડિયાર માતાજીના તમામ દેવ-મંદિરો ચૈત્રી પૂનમે વહેલી સવારથી જ બંધ રાખી દેતા કોઈ જ પૂજાપાઠ કે દર્શનનો લાહવો ભક્તોને મળ્યો નહોતો.

પ્રસાદી ને નૈવેદ્ય કે માથા ટેકવા કે દર્શન કરવા માટે ઊમેટલ અસંખ્ય ભક્તોનું ઘોડાપુર અચાનક મુશ્કેલીમાં મૂકાઈ ગયું હતું. માતાજીના ભૂવાપણું અને મઠોમાં ડાંકલા વાગવા કે પૂજા - અર્ચન કરવા અંગે બંધનું જાણે કે એલાન અપાયું હોય તેમ પૂનમના પવિત્ર દિવસે બાધા-રાખડી કે નિવેધ - નાળિયેરના વહેપારીઓ પણ ચંદ્રગ્રહણથી કાગડા ઊડાડી બેંસી રહ્યા હતા. જયારે હનુમાન જયંતિને કોઈ જ નડતર કે ગ્રહ વગર મારુતિ યજ્ઞ, સુંદરકાંડ, રામધૂન અને ભજન-કિર્તન લોકડાયરાથી ઊમટેલા ભાવિક-ભક્તો હનુમાન જયંતિ ધામધૂમથી ઊજવી હતી.

## આજે બાળ અધિકાર સંરક્ષણ આયોગ અરવલ્લી જિલ્લાની મુલાકાતે

મોડાસા, તા.૬

ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ આજે અરવલ્લી જિલ્લાની મુલાકાત લેશે. જેમાં તા. ૮ એ-િલના રોજ મોડાસા તાલુકાના વિવિધ ગામોના આરોગ્ય કેન્દ્ર, -ાથમિક શાળા તેમજ પોલીસ સ્ટેશન અને બાળકો માટે કામ કરતી સંસ્થાઓ સાથે વાર્તાલાપ કરી આયોગ દ્વારા બાળકોના મુળભૂત અધિકારો જેવા કે, શિક્ષણ, આરોગ્યની ખાસ તકેદારી રાખવામાં આવે છે બાળકોના અભ્યાસ બાબતે શરૂઆતથી બાળકો તેમનો અભ્યાસ પુરો કરે તે માટેની તમામ શૈક્ષણિક સવલતો બાળકોના રહેઠાણના સ્થળ નજીક ગુણવત્તા સભર પુરી પાડવા, બાળકના જન્મથી તેના આરોગ્યની તકેદારી રાખવી અને જરૂરીયાત મુજબનું વેક્સીનેશન અને મેડીસીન જેવી તમામ સગવડો નિઃશુલ્ક પુરી પાડવા વિષેની જાણકારી મેળવશે. તેમજ જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજશે. જયારે તા. ૯ એ-િલના રોજ અન્ય આદિજાતિ તાલુકાના ગામોની મુલાકાત કરશે એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.


ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વૉલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વૉલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧